# અમદાવાદમાં ભારે વરસાદ, 8 ફ્લાઈટ સુરત ડાયવર્ટ કરાઈ

**વાવાઝોડા** જેવી સ્થિતિથી એર ટ્રાફિક ખોરવાયું, મોડી રાતે સુરત એરપોર્ટ પર અસામાન્ય ધમધમાટ, તમામ 18 પાર્કિંગ બેચનો ઉપયોગ થવાની ચર્ચા



સુરતઃ અમદાવાદમાં રવિવારે મોડી સાંજે ભારે વરસાદ, તેજ પવન અને વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાતા હવાઈ સેવા પર વ્યાપક અસર જોવા મળી હતી. અમદાવાદ એરપોર્ટ પર વિમાન ઉતારવા માટે અનુકૂળ પરિસ્થિતિ ન હોવાથી અમદાવાદ આવતી અનેક ફ્લાઇટોને સુરત એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ બેંગલુરુ-અમદાવાદ, હૈદરાબાદ-અમદાવાદ, પૂણે-અમદાવાદ, મુંબઈ અમદાવાદ, પટણા-અમદાવાદ તેમજ ભુવનેશ્વર-અમદાવાદ સહિત કુલ સાત ફ્લાઇટને સુરત એરપોર્ટ પર ઉતારવામાં આવી હતી.કેટલાક વિમાનોને ટેક્નિકલ અને હવામાન સંબંધિત સલામતી કારણોસર અમદાવાદના બદલે સુરતમાં લેન્ડિંગ કરાવવામાં આવ્યા હતા. મોડી રાત સુધી સુરત એરપોર્ટ પર એક પછી એક વિમાનોના આગમનને કારણે અસામાન્ય ચહલપહલ જોવા મળી હતી. સામાન્ય દિવસોની સરખામણીએ એરપોર્ટ પર એર ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. ફ્લાઇટોના ડાયવર્ઝનને કારણે એરપોર્ટ ઓપરેશન ટીમ, એર ટ્રાફિક કન્ટ્રોલ અને ગ્રાઉન્ડ સ્ટાફે વિશેષ વ્યવસ્થા ગોઠવી હતી.


સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત એરપોર્ટના તમામ 18 પાર્કિંગ બેચનો ઉપયોગ કરવાની સ્થિતિ સર્જાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. એકસાથે મોટી સંખ્યામાં વિમાનોને પાર્ક કરવાની જરૂરિયાત ઊભી થતાં એરપોર્ટ તંત્ર સતત પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું હતું.

# ESIC હોસ્પિ.માં કર્મીઓ અચાનક બેરોજગાર થયા

**નોટિસ** વિના હાઉસકીપિંગ સ્ટાફને છૂટા કરાતા રોષ, રૂ.17 હજારના બદલે રૂ.10 હજાર પગાર ચૂકવતા હોવાની ફરિયાદ બાદ દ્વેષભાવ રાખ્યાનો આરોપ

સુરત : સુરત સ્થિત ESIC હોસ્પિટલમાં છેલ્લા અનેક વર્ષોથી ફરજ બજાવતા હાઉસકીપિંગ કર્મચારીઓને કોઈપણ પ્રકારની પૂર્વ નોટિસ કે લેખિત જાણ કર્યા વિના નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથે વિવાદ સર્જાયો છે. હોસ્પિટલમાં 5થી 9 વર્ષ સુધી સેવા આપનારા કર્મચારીઓએ આ કાર્યવાહી પાછળ અગાઉ કરાયેલી પગાર કૌભાંડની ફરિયાદોનો દ્વેષભાવ જવાબદાર હોવાનું જણાવ્યું છે.

પીડિત કર્મચારીઓના જણાવ્યા મુજબ, હોસ્પિટલમાં કોન્ટ્રાક્ટ આધારિત કામગીરી દરમિયાન 17 હજાર જેટલો પગાર મંજૂર થતો હતો, પરંતુ તેમને હાથમાં માત્ર 10 હજાર જેટલી રકમ જ ચૂકવવામાં આવતી હતી. આ મુદ્દે કર્મચારીઓએ ઉચ્ચ કક્ષાએ ઓનલાઈન રજૂઆતો અને ફરિયાદો કરી હતી. હવે નવા કોન્ટ્રાક્ટર આવ્યા બાદ જૂના કર્મચારીઓને કોઈ કારણ દર્શાવ્યા વિના હટાવી દેવામાં આવ્યા હોવાનું તેઓ કહી રહ્યા છે. ઘણા કર્મચારીઓ વર્ષોથી હોસ્પિટલની સફાઈ અને જાળવણી સાથે જોડાયેલા હોવાથી આ નિર્ણયથી તેઓ આર્થિક સંકટમાં મુકાયા છે.



# મોદીના કાર્યક્રમમાં BJPના આગેવાનો, કાર્યકરોને સાઈકલ પર આવવા સૂચના

**નજીકમાં** હોય તો ચાલતા જ આવવું, દૂર હોય તો ઈલેક્ટ્રિક વાહનોમાં આવવું

**વધારે** દૂર હોય તો ઈલેક્ટ્રિક બસનો ઉપયોગ કરવાની ભાજપ પ્રભારીની સૂચના



સુરતઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.5મીના રોજ સુરત આવી રહ્યા છે ત્યારે હાલમાં ચાલી રહેલી ઈંધણ કટોકટીને ધ્યાનમાં લઈને ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આયોજીત કાર્યક્રમમાં ભાજપના તમામ આગેવાનો તેમજ કાર્યકરોને ઈલેક્ટ્રિક વાહનો અથવા તો સાયકલ લઈને જ આવવા અને દૂરથી આવનારાઓ બસનો ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમને ધ્યાનમાં લઈને આયોજન માટે સુરતમાં ભાજપના પ્રદેશ મહામંત્રી અને પ્રભારી ડો. પ્રશાંત કોરાટ દ્વારા મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મીટિંગમાં મોદીના કાર્યક્રમને લઈને વિવિધ ચર્ચાઓ કરવામાં આવી હતી. મીટિંગમાં શહેર ભાજપ સંગઠનના પ્રમુખ-મહામંત્રી, ધારાસભ્યો અને કોર્પોરેટરોને હાજર રખાયા હતા. મીટિંગમાં ડો. પ્રશાંત કોરાટે વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં તમામને હાજર રહેવા માટે સૂચના આપી હતી. સાથે સાથે ડો. કોરાટે તમામને તાકીદ કરી હતી કે હાલમાં દેશમાં પેટ્રોલ અને ડિઝલની કટોકટી છે ત્યારે તેને બચાવવા માટે દરેક આગેવાન તેમજ કાર્યકરોએ પેટ્રોલ અને ડિઝલના વાહનોનો ઉપયોગ કરવો નહીં.

જે 3-4 કિ.મી.ના વિસ્તારમાંથી આવનાર છે તે તમામે ચાલતા કે સાયકલથી આવવું. જે દૂરથી આવવાના છે તે તમામે ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર વાપરવું અને જો વધારે દૂરથી આવવાનું હોય તો ઈલેક્ટ્રિક બસમાં આવવું. ડો. પ્રશાંત કોરાટની તાકીદ જોતાં વડાપ્રધાન મોદીના કાર્યક્રમમાં આગેવાનો તેમજ કાર્યકરો સાયકલયાત્રા કરતાં જોવા મળે તેવી સંભાવના છે. જોકે, એક વાત એ પણ છે કે ડો. પ્રશાંત કોરાટ દ્વારા સૂચના તો આપવામાં આવી, પરંતુ હવે તેનો અમલ કેટલા દ્વારા કરવામાં આવે છે તે જોવું રહ્યું!

## ઘૂંટણની બીમારીથી ત્રસ્ત પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વતની પાર્થભાઈ વસ્તપરા હાલ અશ્વિનીકુમાર રોડ પર આવેલ રામનગરમાં રહે છે અને તે કાપડ માર્કેટમાં નોકરી કરે છે. પાર્થભાઈની 25 વર્ષીય પત્ની પાયલને છેલ્લાં ત્રણ વર્ષથી ઘૂંટણ (સંધિવા)ની બીમારી હતી. જેની દવા પણ ચાલુ હતી. પરંતુ આ બીમારીથી કંટાળીને સોમવારે સવારે પાયલે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતા તેના પરિવારજનોએ પાયલને નીચે ઉતારીને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.સારવાર મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. પાયલના પાંચ વર્ષ પહેલા લગ્ન થયા હતા.

## અરજીના આધારે કાપડ દલાલે કરેલી આગોતરાં જામીન અરજી નામંજૂર

સુરતઃ સેશન્સ કોર્ટએ કપડાંના દલાલ ઇમરાન ઇકબાલ વાઘરિયા દ્વારા દાખલ કરાયેલી આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. આ સાથે કોર્ટે વાજબી આશંકા ઊભી થાય ત્યારે અરજી કરવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી. અડાજણનાં અરજદાર ઇમરાન ઇકબાલ વાઘરિયા સહિતનાં વિરુદ્ધ ખટોદરા પોલીસ સ્ટેશને વેપારી અવનિક શાંતિભાઈએ વિશ્વાસઘાત-છેતરપિંડીની અરજી આપી હતી. આ અરજીના આધારે પોલીસ તપાસ ચાલી રહી છે. આ અરજીનાં અનુસંધાને ધરપકડની આશંકાએ બચવા માટે આરોપી ઇમરાનએ સેશન્સ કોર્ટમાં આગોતરાં જામીન અરજી કરી હતી. આ અરજીની સુનાવણી બાદ કોર્ટે આ અરજી નામંજૂર કરી ભવિષ્યમાં જો અરજદારને કોઈ કોગ્ઝનેબલ (Cognizable) અને બિનજામીનપાત્ર (Non-Bailable) ગુનાના સંદર્ભમાં ધરપકડ થવાની વાજબી આશંકા ઊભી થાય, તો તેને ફરીથી આગોતરા જામીન માટે અરજી કરવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી.

# પાલના શેરદલાલ સાથે 37.55 લાખની ઓનલાઈન ઠગાઈ

**નફો** ઉપાડવાની વાત કરી તો વોટ્સએપ ગ્રુપમાંથી જ હટાવી દેવાયા

સુરતઃ પાલમાં રહેતા શેરબ્રોકરને ફસાવીને સાયબર માફિયાઓએ રૂ. 37.55 લાખથી વધુની રકમ પડાવી લેતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. પાલ ગૌરવ પથ રોડ પર આવેલી શિવેન ફ્લોરેન્ઝા સોસાયટીમાં રહેતા 56 વર્ષીય મહેશભાઈ કાંતીલાલ મોદી શેર બ્રોકર તરીકે કાર્યરત છે. ફેબ્રુઆરી મહિનામાં તેમણે ઈન્સ્ટાગ્રામ પરથી '[168] ASK Wealth Management' નામની એપ્લિકેશન ડાઉનલોડ થઈ ગઈ હતી. ત્યારબાદ તેમને ત્રણ અલગ-અલગ વોટ્સએપ ગ્રૂપમાં સામેલ કરવામાં આવ્યા હતા. આ ગ્રૂપોમાં પ્રિયા શર્મા, રીતુ વ્હોરા અને કંગના શર્મા નામની મહિલા એડમિનો દ્વારા શેર માર્કેટમાં ટ્રેડિંગ કરીને મોટો નફો આપવાની ઓફર કરી હતી. તેમની વાતોમાં આવી જઈ મહેશભાઈએ પરિવારના સભ્યના નામે એપ્લિકેશનમાં રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. તેમણે ટુકડે-ટુકડે કુલ રૂ. 37,55,876 ઓનલાઈન રોકાણ કર્યું હતું. જે બાદ વોલેટમાં વધુ નફો દેખાવા લાગ્યો હતો. જો કે નફો ઉપાડવા જતાં ચાર્જ બતાવી તેમની પાસેથી વધુ રકમ માંગવામાં આવી હતી. આ દરમિયાન અચાનક જ તેમને તમામ વોટ્સએપ ગ્રૂપમાંથી દૂર કરી દેવામાં આવ્યા હતા. જે અંગે તેમને સાયબર ક્રાઈમમાં ઓનલાઈન ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# કિરણ ડાયમંડનો કારીગર કામ કરતાં કરતાં જ ઢળી પડ્યો

**29** વર્ષીય રત્નકલાકાર સહિત છાતીમાં દુખાવા બાદ ત્રણનાં મોત

સુરતઃ નાની ઉંમરમાં છાતીમાં દુખાવા બાદ મોતને ભેટવાનો સિલસિલો યથાવત રહ્યો છે. ત્યારે શહેરમાં રત્નકલાકાર સહિત ત્રણ યુવાનોને છાતીમાં દુખાવો થયા બાદ ઢળી પડતા મોતને ભેટ્યા હતા.

મળેલી માહિતી મુજબ, મૂળ અમરેલીમાં કુકાવડિયાના વતની મયુર વશરામભાઈ ચાવડા (29 વર્ષ) હાલમાં કામરેજમાં એ.બી.સી મોલ પાસે આવેલી રિદ્ધિસિદ્ધિ સોસાયટીમાં એક પુત્રી સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે અશ્વિનીકુમાર રોડ ઉમિયાધામ પાસે આવેલા કિરણ ડાયમંડમાં કામ કરતો હતો. રવિવારે સવારે તે નોકરી પર હાજર હતો. તે ખુરશી પર બેસીને કામ કરતો હતો. તે સમયે અચાનક તેને છાતીમાં દુખાવો થતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાદમાં તેની તબિયત લથડતા બેભાન થઇ જતા વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઇ ગયા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

બીજા બનાવમાં, મૂળ રાજસ્થાનના રાજસમંદ જિલ્લાના વતની મુકેશ ખિમરાજ પ્રજાપતિ (37 વર્ષ) હાલમાં પુણાગામમાં આવેલી મુક્તિધામ સોસાયટીમાં ત્રણ સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. તે કાપડ માર્કેટમાં દલાલીના કામ સાથે સંકળાયેલા હતો. રવિવારે રાત્રે તે ઘરે હતી. ત્યારે અચાનક તેને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો અને તબિયત લથડતા તે બેભાન થઈને ઢળી પડ્યો હતો. જેથી તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો.

ત્રીજા બનાવમાં, મૂળ ઉત્તરપ્રદેશના વતની સુનીલ નંદલાલ સરોજ (45 વર્ષ) હાલમાં સચિન વિસ્તારમાં આવેલ પટેલનગરમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો અને ટાઈલ્સ ફિટિંગનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે તે ઘરે હતો. ત્યારે તેને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. જેથી તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.



# વેસુનું દંપતી એક કલાક સુધી લિફ્ટમાં ફસાયેલું રહ્યું

**11મા માળેથી** નીચે ઊતરતી વખતે લિફ્ટ ખોટકાઇ, મોબાઈલ નેટવર્ક પણ ચાલ્યું ગયું

**પોણો** કલાક સુધી બૂમો પાડતા રહ્યા ત્યારે સિક્યુરિટીને જાણ થઇ

સુરતઃ વેસુ વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટના 11માં માળે લિફ્ટ ખોટકાઈ જતાં દંપતિ એક કલાક સુધી ફસાઈ ગયું હતું. તેમણે બુમાબુમ કરતા અવાજ સાંભળીને સિક્યુરિટી ગાર્ડ અને બિલ્ડિંગના રહેવાસીઓ દોડી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં ત્યાં પહોંચેલા ફાયરબ્રિગેડના જવાનોએ બંનેને બહાર કાઢ્યા હતાં.

વેસુ આભવા રોડ ખાતે આવેલ વેકેંઝા બિલ્ડિંગના 11 માં માળે રહેતા અગ્રવાલ દંપતી સાવનમલ અગ્રવાલ (ઉ.વ. 58 ) અને ગીતાદેવી અગ્રવાલ (ઉ.વ.55 ) નીચે ઉતરવા માટે લિફ્ટમાં ગયા હતા. જો કે, ટેકનિકલ ખામીને લીધે લિફ્ટ અટકી ગઇ હતી એટલું જ નહીં લિફ્ટમાં મોબાઈલ નેટવર્ક પણ ચાલ્યું ગયું હતું અને લાઈટ પંખા પણ બંધ થઈ ગયા હતાં. નેટવર્ક નહીં હોવાથી તેઓ કોઈને ફોન કરી શકે તેમ ન હતું જેથી તેમણે બૂમો પાડવાની શરુ કરી હતી. પોણો કલાક સુધી તેઓ બૂમો પાડતા રહ્યાં ત્યારે અવાજ સાંભળીને સિક્યુરિટી અને એપાર્ટમેન્ટના રહેવાસીઓએ લિફ્ટની તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે અંદર કોઈ ફસાઈ ગયું છે.

જેથી ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા જવાનોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આધુનિક સાધનો વડે લિફ્ટનો દરવાજો તોડીને પંદર મિનિટના ટૂંકા સમયમાં દંપતીને સહીસલામત બહાર કાઢ્યા હતા. સબ ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતુ કે લિફ્ટની અંદર મોબાઈલ નેટવર્ક ચાલી જવાને કારણે તેમજ લાઈટ પંખા પણ બંધ થઈ જવાથી દંપતિ ખૂબ જ ગભરાઈ ગયું હતું અને લિફ્ટની બહાર નીકળયા ત્યારે પરસેવાથી રેબઝેબ હતા.

# ઉંમર 43, સંતાનો લગ્ન લાયક ને ગર્ભ રહી જતાં માતાએ નવજાતને ફેંકી દીધું

**કતારગામમાં** નવજાત શિશુને ત્યજી દેનાર કળિયુગી માતાને ચોકબજાર પોલીસે ઝડપી પાડી

**સમાજમાં** બદનામીના ડરથી મહિલાએ ગર્ભપાતની દવા પીધી, નવજાતને કચરાના ઢગલામાં ફેંકી દીધું હતું

સુરતઃ કતારગામની અવધૂત સોસાયટી પાસે ભ્રૂણ ત્યજી દેનાર શાંતિ નગરમાંથી માતાને ચોક પોલીસે પકડી પાડી છે. મહિલાએ પોલીસ સમક્ષ કબૂલ્યું હતું કે, આ ઉંમરે ફરીથી પતિ દ્વારા ગર્ભ રહી ગયો હતો. સંતાનો લગ્ન લાયક અને મોટા થઈ ગયા હોવાથી જો ફરી બાળક જન્મે તો સમાજમાં ભારે બદનામી થાય તેવા ડરથી આ કૃત્ય કર્યું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગત તા. ૨૫/૦૫/૨૦૨૬ના રોજ રાત્રિએ કતારગામ અવધૂતનગર સોસાયટી, સીતારામ ફ્લોર મીલની સામે ભક્તિનગર તરફ જતાં રોડ પરથી પ્લાસ્ટિકની ફાટેલી થેલીમાં એકાદ દિવસનું મૃત નવજાત શિશુ બિનવારસી હાલતમાં મળી આવ્યું હતું.

ઘટનાની ગંભીરતાને જોતાં ચોક પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરતાં માલૂમ પડ્યું હતું કે, રખડતાં કુતરાઓ આ પ્લાસ્ટિકની થેલીને નજીકના કચરાના ઢગલામાંથી ખેંચીને રોડ પર લાવ્યા હતા.પોલીસે કચરાના ઢગલાની આસપાસના સીસીટીવી કેમેરા વધુ બારીકાઈથી ચેક કરતાં એક અજાણી મહિલા હાથમાં પ્લાસ્ટિકની થેલી લઈ શાંતિનગર સોસાયટીમાંથી અવધૂતનગર સોસાયટીની વાડી તરફ જતી દેખાઈ હતી. આ ફૂટેજના આધારે સર્વેલન્સ સ્ટાફની એક ટીમે હ્યુમન સોર્સિસની મદદથી મહિલાની ઓળખ કરી તેને કતારગામની શાંતિનગર સોસાયટીમાંથી રાઉન્ડઅપ કરી લીધી હતી. પોલીસના સકંજામાં આવેલી મહિલા આરોપી હેમલતાબેન વિરેન્દ્રસિંહ બારીયા (ઉં.વ.૪૩, રહે., શાંતિનગર સોસાયટી, ચીકુવાડી, કતારગામ, મૂળ રહે., જાંબુઘોડા, પંચમહાલ)એ પોલીસ સમક્ષ પોપટની જેમ ગુનો કબૂલી લીધો હતો.

મહિલાએ જણાવ્યું કે, તેને પહેલેથી જ બે પુખ્ત વયના દીકરા દીકરી છે. આ ઉંમરે ફરીથી પતિ દ્વારા ગર્ભ રહી ગયો હતો. સંતાનો લગ્ન લાયક અને મોટા થઈ ગયા હોવાથી જો ફરી બાળક જન્મે તો સમાજમાં ભારે બદનામી થાય તેમ હતી. આથી લોકલાજના ડરે ગર્ભપાતની દવા લેતા ગત ૨૫ તારીખે ઘરે કોઈ હાજર ન હતું ત્યારે તેણે અધૂરા માસે બાળકને જન્મ આપ્યો હતો અને ત્યારબાદ તેને પ્લાસ્ટિકની થેલીમાં ભરીને કચરાના ઢગલામાં ફેંકી દીધું હતું. હાલ ચોકબજાર પોલીસે કળિયુગી માતા વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મનપાના NRHMના 1200 કર્મચારી પગારથી વંચિત

**સરકારની** ગ્રાંટમાંથી આ પગાર થાય છે, ટ્રેઝરી વિભાગમાંથી એપ્રુવલ મળ્યા બાદ બે દિવસમાં પગાર ચૂકવવા મનપાની ખાતરી

સુરતઃ સુરત મહાનગરપાલિકામાં નેશનલ રૂરલ હેલ્થ મિશન અંતર્ગત કાર્યરત કોન્ટ્રાક્ટ બેઈઝ્ડ કર્મચારીઓનો છેલ્લા બે મહિનાથી પગાર ન થતાં તેઓની હાલત કફોડી થવા પામી છે.

પાલિકામાં એન.એચ.એમ. હેઠળ 600 આશા વર્કર સહિત અંદાજે 1200 જેટલા કર્મચારીઓ કરાર આધારિત નોકરી કરી રહ્યા છે. છેલ્લા બે - ત્રણ મહિનાથી આ કર્મચારીઓનો ગ્રાન્ટનાં અભાવે પગાર અટક્યો હોવાનું જાણવા મળ્યું છે. કર્મચારીઓનાં જણાવ્યા અનુસાર 22 દિવસ પૂર્વે જ સરકારની ગ્રાન્ટ આવી હોવા છતાં મનપા દ્વારા પગાર કરવામાં આવી રહ્યો નથી. જેને પગલે સામાન્ય પગારદાર કર્મચારીઓની આર્થિક સ્થિતિ દયનીય બની ચુકી છે. કર્મચારીઓની આ રજૂઆત સંદર્ભમાં મનપા દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સુરત જિલ્લા ટ્રેઝરીમાંથી એપ્રુવલ મળી ચુકી છે અને આગામી બે - ત્રણ દિવસોમાં તમામ કર્મચારીઓનો પગાર થઈ જશે.


(નાણાં મંત્રાલય, ભારત સરકાર)

સત્યમેવ જયતે

## ઋણ વસૂલી અધિકરણ - II

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમની પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

ફોર્મ નં. ૨૨ (પહેલા ૬૨) {ડીઆરટી રેગ્યુલેશન ૨૦૨૪ ના નિયમ ૩૫ અને ૩૬} (ઈન્કમટેક્ષ એક્ટ - ૧૯૬૧ના બીજા શિડયુલમાં નિયમ ૫૨(૧) (૨) જુઓ) નાદારીની બાકી લ્હેણાંની વસુલાતના ૧૯૯૩ ના કાયદા સાથે વંચાણી લેતા વેચાણની જાહેરાત

**ઈ-હરાજી / વેચાણ નોટીસ** [THROUGH REGD.AD/DASTI/AFFIXATION/BEAT OF DRUM/PUBLICATION]

RP/RC NO. 1379/2003 — OA No. 174/1999

| | |
|---|---|
| પ્રમાણપત્ર ધારણકર્તા | કેનરા બેંક |
| V/s | |
| પ્રમાણીત દેવાદાર | મે. નુતન ક્રિમ્પર્સ અને અન્યો |

પ્રતિ,
**સી.ડી. નં. ૧ : મે. નુતન ક્રિમ્પર્સ,** ૨૧૪, ૨૧૫, ઝુબેર ચેમ્બર્સ, મોઈનવાડી, સલાબતપુરા, સુરત.
**ફેક્ટરી :** પ્લોટ નં. એલ-૧૪૨૭, જીઆઈડીસી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ).
**સી.ડી. નં. ૨ :- મોહમ્મદ હાઝી ઈસ્માઈલ ગોદિલ, પ્રો. નુતન ક્રિમ્પર્સ,** ૪૯, નિશાત સોસાયટી, અડાજણ પાટીયા, સુરત.

સદરહુ **સીડીઓ નં. ૧ થી ૨, OA No. 174/1999,** તારીખ : ૧૫.૧૧.૨૦૦૨ ના ચુકાદાની શરતો મુજબ બાકી લ્હેંણી રકમ **રૂા. ૧૧,૮૦,૯૦૫.૧૬ (રૂા. અગિયાર લાખ એંસી હજાર નવસો પાંચ અને સોળ પૈસા પુરા)** વત્તા તા. ૧૮.૦૫.૧૯૯૯ ના રોજ થી વ્યાજ સહીત ચુકવવામાં નિષ્ફળ ગયા છે તેથી હાલની આ વેચાણ નોટીસ છે. મારા હુકમ **તા. ૨૭.૦૧.૨૦૨૬** મુજબ, નીચે દર્શાવેલ મિલકતોનું જાહેર ઈ - હરાજી મારફતે વેચાણ ઉપર જણાવેલ વિગત માટે કરવામાં આવશે. હરાજી વેચાણ **"ઓનલાઈન ઈ - હરાજી"** દ્વારા વેબસાઈટ : **https://baanknet.com** મારફતે કરવામાં આવશે.

| લૉટ નં. | મિલકતનું વર્ણન | અનામત કિંમત (રૂા. માં) રાઉન્ડેડ ઓફ | ઈએમડી ૧૦% (રૂા. માં) અથવા રાઉન્ડેડ ઓફ |
|---|---|---|---|
| ૧. | મે. નુતન ક્રિમ્પર્સ ના નામની સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. એલ-૧૪૨૬, જીઆઈડીસી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ). | રૂા. ૧૫.૦૦ લાખ | રૂા. ૧.૫૦ લાખ |
| ૨. | મે. નુતન ક્રિમ્પર્સ ના નામની સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. એલ-૧૪૨૭, જીઆઈડીસી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ). | રૂા. ૧૫.૦૦ લાખ | રૂા. ૧.૫૦ લાખ |

***નોંધ :** (૧). સીએચ બેંક પાસેથી મળેલી માહિતી મુજબ, બંને મિલકતો પર ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ ના કુલ આશરે ૧ કરોડ રૂપિયાના દેવા બાકી છે.
(૨). ઈએમડી ઈ-હરાજી વેબસાઈટ : https://baanknet.com એટલે કે baanknet દ્વારા વોલેટમાં જમા કરાવવાની રહેશે. સૌથી વધુ બોલી લગાવનાર વ્યક્તિએ બેંકનેટ વોલેટમાં ચુકવેલી ઈએમડી ની અંતિમ બિડ રકમના ૨૫% એડજસ્ટમેન્ટ આગામી બેંક કાર્યવાહી દિવસ સુધીમાં RTGS/NEFT દ્વારા નીચે નીચે મુજબની વિગતો મુજબ જમા કરાવવાના રહેશે.

| | | | |
|---|---|---|---|
| લાભાર્થી બેંકનું નામ | કેનરા બેંક | શાખા | કોટસફીલ મેઈન રોડ શાખા |
| લાભાર્થી બેંકનું સરનામું | અન્નપૂર્ણા, કોટસફીલ મેઈન રોડ, સુરત - ૩૯૫૦૦૩. | | |
| લાભાર્થી એકાઉન્ટ નં. | 20272434 | IFSC Code | CNRB0000336 |

૧. બીડ વધારવાની રકમ લૉટ નં. ૧ અને ૨ માટે રૂા. ૧૦,૦૦૦/- છે.
૨. સંભવિત પ્રસ્તાવકારો ઓનલાઈન તાલીમ મેળવવા માટે **મે. પીએસબી એલાયન્સ (BAANKNET Auction Portal) (ટેલિ. હેલ્પલાઈન નં. +૯૧ ૮૨૯૧૨૨૦૨૨૦), હેલ્પ લાઈન ઈમેલ આઇડી : support.BAANKNET@psballiance.com** નો સંપર્ક કરવો મિલકતને લગતી અન્ય માહિતી માટે **(મોબાઈલ નંબર. ૮૨૩૮૦૯૨૦૧૦ / ૭૨૨૭૦૧૯૯૩૫ / ૯૮૯૯૭૨૧૪૦૩ / ૯૭૧૩૦૦૦૪૯૫) અને ઈમેલ : cbo336@canarabank.com** નો સંપર્ક કરવો.
૩. પ્રસ્તાવકારોને જણાવવાનું કે વધુ માહિતી અને શરતો તથા નિયમો માટે ઈ-હરાજી થી પ્રસ્તાવ મોકલતાં પહેલાં અને ઈ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં વેબ સાઈટ **https://baanknet.com** જોઈ લેવી.
૪. સંભવિત બિડરોને હરાજી પુર્ણ થયા પછી તરત જ ૨૫% (ઈએમડી રકમ બાદ કરીને) રકમની ચુકવણીનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે અને હરાજી ની તારીખ થી ૧૫ દિવસની અંદર ૭૫% રકમ અને જો ૧૫ માં દિવસે રવિવાર હોય કે અન્ય રજા હોય, તો પરત પછી ના કાર્યકારી દિવસ માન્ય ગણાશે. એક્સ્ટેંશન માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૫. આ મિલકત **"જ્યાં છે ત્યાં, "જેવી છે તેમ" અને "જેમ છે તેમ" ના આધારે વેચાણ** કરવામાં આવશે અને સંભવિત ખરીદનારને યોગ્ય રીતે પૂર્વ ખાતરી કરી લેવી.
૬. ઈરાજીની વિગતો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | સ્પોટ નોટીસ થ્રુ એફીકશન, પેપર પબ્લિકેશન, ડ્રમ્સ, પંચનામા, નવીનતમ ફોટોગ્રાફસ | તા. ૦૫.૦૬.૨૦૨૬ |
| ૨. | મિલકતનું નિરીક્ષણ | ૧૭.૦૬.૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વચ્ચે |
| ૩. | ઈએમડી ની રકમ અને ચુકવણીના પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૧.૦૭.૨૦૨૬, સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં |
| ૪. | ઈ - હરાજી | ૨૨.૦૭.૨૦૨૬, બપોરે ના ૧૨.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી (ઈ - હરાજી સમાપ્ત થાય ત્યાં સુધી ૩ મિનિટની સ્વયંમ વધારા સાથે) |

SEAL

(અનુભા દુબે)
રીકવરી ઓફિસર - I,
ઋણ વસૂલી અધિકરણ-II,
અમદાવાદ.

(વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)


## કચરામાંથી કંચન

હસ્તીને દેલાડવા તળાવ નજીક તરછોડી દેવાઇ હતી, પોલીસે છઠ્ઠે તેની નામકરણ વિધિ પણ કરી હતી

# હસ્તી બની કોટક પરિવારની લક્ષ્મી

**શિશુગૃહમાંથી** ત્રણ દીકરીઓને દત્તક અપાઇ



06 જાન્યુઆરી — ડિંડોલી પોલીસ સ્ટેશનની હદમાં દેલાડવા તળાવ પાસે બાળકીને તરછોડી દેવાઇ



12 જાન્યુઆરી — સુરત પોલીસે તેની નામકરણ વિધિ કરી નામ આપ્યું હસ્તી



30 મે 2026 — મુંબઇના પરિવારે હસ્તીને દત્તક લેતા ધામધૂમથી વિદાય અપાઇ

સુરત : શિયાળાની કડકતી ઠંડીમાં રાત્રિના સમયે એક પાષાણ હૃદયની જનેતાએ પોતાની નવજાત ફૂલ જેવી બાળકીને ડિંડોલીના દેલાડવા તળાવ નજીક અવાવરું જગ્યાએ ત્યજી દીધી હતી. જોકે, કાયદો અને વ્યવસ્થા જાળવતી સુરત પોલીસ આ માસૂમ જીવ માટે ભગવાન બનીને આવી હતી. ડિંડોલી પોલીસે આ નવજાત બાળકીને ઉગારી લીધી એટલું જ નહીં, પણ તેનું સુંદર નામકરણ 'હસ્તી' કર્યું હતું.

પોલીસ મથકના તમામ સ્ટાફની લાડકવાઈ બનેલી આ 'હસ્તી' હંમેશાં હસતી રહે તે માટે આજે કતારગામ શિશુગૃહ ખાતે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી, મુંબઈના કોટક દંપતીને દત્તક સોંપવામાં આવી છે. આ સાથે અન્ય બે દીકરીઓને પણ દત્તક આપવામાં આવી છે.

### નવજાત બાળકોને તરછોડવા સિવાયના પણ રસ્તા છે : અનુપમસિંહ ગહલૌત



ઘણીવાર લોકો નવજાત બાળકોને કચરાપેટીમાં, તળાવના કિનારે કે અવાવરૂ જગ્યાએ તરછોડી દે છે, જેના કારણે જંગલી જાનવરો કે કીડીઓ દ્વારા તેમને નુકસાન પહોંચવાની ભીતિ રહે છે. તેથી તેમણે લોકોને અપીલ કરી હતી કે જો કોઈ એવી પરિસ્થિતિ હોય કે તેઓ બાળકનો ઉછેર ન કરી શકે, તો સરકાર દ્વારા આવી ઘણી સુવિધાઓ અને કેન્દ્રો ઉપલબ્ધ છે જ્યાં તેઓ પોતાના બાળકને સુરક્ષિત રીતે સોંપી શકે છે, જેથી ત્યાં તેમનો યોગ્ય ઉછેર થઈ શકે. હસતી માટે લાગણી હતી જેથી છઠના દિવસે તેનું નામકરણ પણ કરવામાં આવ્યું હતું

### અડોપ્શનને દયા નહીં સમજો, પરિવાર બાળકનો અધિકાર છે : સંધ્યા ગહલૌત



હસ્તી પોલીસ પરિવારની જ દીકરી બની ગઇ હતી. હું ખૂબ જ ભાવુક થઇ રહી છું. હું મારી જાતને ખૂબ જ કંટ્રોલ કરી રહી છું. તેના માટે એક અલગ જ લગાવ થઇ ગયો હતો. સાથે જ હું તેની સાથે જે બાળકને જોઉં છું ત્યારે અલગ જ અહેસાસ થાય છે. જેને હું વ્યક્ત કરી શકતી નથી. પરંતુ ખુશી એ વાતની છે કે હસ્તીને એક ખૂબ જ સરસ પરિવાર મળ્યો છે. અડોપ્શનને દયા નહીં સમજો કારણ કે, દરેક બાળક જે જન્મ લે છે. તેને પરિવાર, ખુશીનો હક હોય છે અને તે તેને મળવો જ જોઇએ. આપણી હસ્તી કોઇ માટે હવે લક્ષ્મી છે.